ઉરે સદા તવ સ્નેહભીની મંજરી મહેકી રહો, પૂર્ણ પ્રાપ્તિની સભરતામાં શેષ જીવન આ વહો...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૯૮ | ૫ ડીસેમ્બર, ૨૦૨૦, શનિવાર; કારતક વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ખેડૂતોનું અલ્ટિમેટમ : તો ૮મીએ 'ભારત બંધ'

## ખેડૂત કાયદા મુદ્દે આંદોલનના નવમાં દિવસે પણ મડાગાંઠ યથાવત : ચોથો તબક્કો નિષ્ફળ રહ્યા બાદ આજે ખેડૂતો અને સરકારની વચ્ચે વાતચીતનો પાંચમો રાઉન્ડ: આંદોલનનો મામલો સુપ્રીમમાં : મમતાનું ખેડૂતોને સમર્થન



નવી દિલ્લી, તા.૪

કૃષિ કાયદા વિરૂદ્ધ ખેડૂતોના પ્રદર્શનનો આજે ૯મો દિવસ છે. એક તરફ ખેડૂત આંદોલનનો મુદ્દો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે ત્યારે સરકારની સાથે શનિવારે થનારી બેઠક પહેલાં ખેડૂતોએ આજે મોટી જાહેરાત કરી છે. ખેડૂત નેતાઓએ ૮ ડિસેમ્બરે ભારત બંધનું એલાન આપ્યું છે. તેમનું કહેવું છે કે હવે દિલ્હીના અન્ય રસ્તાઓ પણ બ્લોક કરીશું. ખેડૂતોની મીટિંગ પછી તેમના નેતા હરવિંદરસિંહ લખવાલે આ જાણકારી આપી. આ વચ્ચે સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરવામાં આવી છે. અરજકર્તાએ કહ્યું કે ખેડૂતોને દિલ્હીની સરહદમાં તાત્કાલિક હટાવવાના નિર્દેશ આપવામાં આવે કેમકે પ્રદર્શનકારીઓના કારણે કોરોનાનો ખતરો વધી શકે છે. પિટીશનરના વકીલ ઓમપ્રકાશ પરિહારે આ જાણકારી આપી હતી. જો કે આ અરજી પણ ક્યારે સુનાવણી થશે તે નક્કી થયું નથી.

● અનુસંધાન પાન-૭ પર

# ખેડૂતોનું આંદોલન ૯મા દિવસે યથાવત, દિલ્હી હેરાન-પરેશાન

## દિલ્હીની સરહદો આજે પણ બંધ રહેશે

નવી દિલ્હી,તા.૪

નવા કૃષિ કાયદા વિરુદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો અને સરકાર વચ્ચે ગુરુવારે ચોથા રાઉન્ડની વાતચીતનું કોઈ પરિણામ આવ્યું નહીં અને ખેડૂતોનું પ્રદર્શન આજે પણ ચાલુ છે. લગભગ સાડા સાત કલાક ચાલેલી બેઠક બાદ કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે સરકારે ખેડૂતોની વાત ધ્યાનથી સાંભળી છે અને હવે ૫ ડિસેમ્બરે આગામી રાઉન્ડની વાતચીત થશે. આ બાજુ ખેડૂતોએ કહ્યું કે સમાધાન ન નીકળે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. ખેડૂતોના પ્રદર્શનના કરાણે દિલ્હીના હરિયાણા અને ઉત્તર પ્રદેશ સંલગ્ન જોડાયેલા વિસ્તારોમાં આજે પણ ટ્રાફિક જામ રહી શકે છે. કારણ કે દિલ્હી સાથે જોડાયેલી સરહદો આજે પણ બંધ રહેશે. સિંઘુ બોર્ડરથી યુપી ગેટ સુધી દિલ્હીના બહારના ભાગોમાં મોટી સંખ્યામાં ખેડૂતોનો હજુ પણ જમાવડો છે અને હવે દેશના અન્ય રાજ્યોથી પણ ખેડૂતો ત્યાં પહોંચવા લાગ્યા છે. ટ્રાફિક પોલીસે બોર્ડરથી મુસાફરી કરનારા લોકોને વૈકલ્પિક રસ્તો



પસંદ કરવાની સલાહ આપી છે. કૃષિ બિલનો વિરોધ કરી રહેલા ખેડૂતો અને સરકાર વચ્ચે ગુરુવારે સાડા સાત કલાક વાતચીત ચાલી. જે નિરુત્તર રહી.

# સેંસેક્સ પ્રથમ વખત ૪૫ હજારને પાર

## નિફ્ટી ૧૨૫ પોઈન્ટના ઊછાળાની સાથે ૧૩૨૫૮ પર બંધ, આઈઆરસીટીસીના શેરમાં ૧૪.૫૧ ટકા ઊછાળો

નવી દિલ્હી, તા.૪

સપ્તાહના અંતિમ દિવસે શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. સેન્સેક્સ ૪૪૬ પોઈન્ટ ઊછળીને ૪૫૦૭૯ પર બંધ રહ્યો હતો. આજે કારોબાર દરમિયાન સેન્સેક્સ ૪૫૧૪૮ ની સપાટીએ પહોંચ્યો હતો, જે અત્યાર સુધીની સૌથી ઉંચી સપાટી છે. નિફ્ટી ૧૨૫ અંક વધીને ૧૩૨૫૮ ના સ્તરે બંધ રહ્યો હતો. સેન્સેક્સમાં આઈસીઆઈસીઆઈ બેંક, અલ્ટ્રાટેક સિમેન્ટ, સન ફાર્મા, ભારતી એરટેલ અને હિન્દુસ્તાન યુનિલિવરના શેર ટોચ લાભ લેનારામાં છે. રિલાયન્સ, બજાજ ફાઈનાન્શિયલ સર્વિસીસ અને એચસીએલના શેર ટોચના નુકશાનમાં જનારા છે. આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં ૨.૨ ટકાનો ઉછાળો નોંધાયો હતો, જ્યારે રિલાયન્સમાં નજીવો ૦.૮૬ ટકાનો ઘટાડો થયો હતો.

આજે આઈઆરસીટીસીના શેરમાં ૧૪.૫૧ ટકાનો ઉછાળો આવ્યો છે. સ્પાઈસ જેટના શેરમાં પણ ૧૦ ટકાનો વધારો થયો છે. અદાણી પાવરમાં ૧૦ ટકાનો, બેંક ઓફ મહારાષ્ટ્રમાં ૮.૮ ટકા અને મેક્સ હેલ્થકેરમાં ૮.૮ ટકાનો ઉછાળો નોંધાયો છે.

કોરોના રસી વિશેના સકારાત્મક સમાચારો અને યુ.એસ.માં અન્ય રાહત પેકેજની અપેક્ષા સાથે બજાર ધૂમ મચાવી રહ્યું છે. હાલમાં વિશ્વના તમામ શેર બજારોમાં તેજી જોવા મળી રહી છે. શેર બજાર આ સપ્તાહે બંધ થઈ ગયું છે. આ સપ્તાહે તમામ ક્ષેત્રમાં તેજી જોવા મળી છે.

## છેલ્લે... છેલ્લે...

- હૈદરાબાદ મહાનગર પાલિકાની ચૂંટણીમાં કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતિ નહિ. ટીઆરએસ-૫૬, ભાજપ-૪૯ અને એઆઈએમઆઈએમ-૪૩, કોંગ્રેસ-૨
- લોટરી, સટ્ટો અને જુગાર પર જીએસટી લગાવવો જોઈએ.
- મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં છ માંથી ભાજપને માત્ર એક બેઠક, કોંગ્રેસ-શિવસેના ગઠબંધનને ચાર બેઠક.
- મુંબઈના મુસાફરો માટે આરટીપીસીઆર ટેસ્ટ ફરજીયાત કરાતા અમદાવાદ-મુંબઈની ૪૦ ટકા ફ્લાઈટ ખાલીખમ.
- તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના લેખક અભિષેક મકવાણાની આત્મહત્યા
- વરૂણધવન, નીતુકપૂર અને રાજ મહેતા કોરોના પોઝીટીવ.
- અનિલકપૂર અને કિયારા અડવાણી પણ કોરોનાથી સંક્રમિત.
- રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર અને જાણીતા લેખક જયંત મેઘાણીનું નિધન.
- લક્ષદ્વીપના ઉપરાજ્યપાલ દિનેશ્વર શર્માનું નિધન.
- વરિષ્ઠ સનદી અધિકારી ડૉ. રાજીવકુમાર ગુપ્તા સામે ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ વિશેષાધિકાર ભંગની ફરિયાદ કરી.
- દેશમાં કોરોનાથી રિકવરી દર ૯૪.૨૦ ટકા મૃત્યુદર ૧.૪૫ ટકા થયો
- મહારાષ્ટ્રના પ્રાથમિક શિક્ષકે જીત્યો 'ગ્લોબલ ટીચર પ્રાઈઝ' એવોર્ડ, મળ્યા ૧૦ લાખ ડૉલર
- ઉત્તરાખંડ અને ઓડિશામાં ભૂકંપના આંચકા, કોઈ નુક્સાન નહીં

# થોડા સપ્તાહમાં વેક્સિન : મોદી

## વૈજ્ઞાનિકો દ્વારા લીલીઝંડી મળ્યે રસીકરણ કાર્યક્રમ શરૂ થશે, એક ખાસ સોફ્ટવેર બનાવાયું, સૌ પહેલા હેલ્થકેર વર્કર્સ-વૃદ્ધોને પહેલાં રસી અપાશે

નવી દિલ્હી, તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાયરસ રસી અંગે તમામ



પક્ષના નેતાઓને અપડેટ આપ્યું છે. શુક્રવારે સર્વપક્ષીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે, રસીના સ્ટોક અને રીયલ ટાઈમ માહિતી માટે ખાસ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, કોવિડની રસીકરણ અભિયાન વ્યાપકપણે ફેલાશે. તેમણે કહ્યું કે, આવા અભિયાનો સામે અફવા ફેલાવવામાં આવે છે. તેમણે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી કે તેઓ લોકોને રસી વિશે જાગૃત કરે. પીએમ મોદીએ કહ્યું કે, નિષ્ણાતો માને છે કે, કોવિડ રસી આગામી કેટલાક અઠવાડિયામાં તૈયાર થઈ જશે.

પીએમએ કહ્યું, અમારા વૈજ્ઞાનિકોને વિશ્વાસ છે કે તેઓ ટૂંક સમયમાં કોરોના રસીમાં સફળ થવાના છે. સમગ્ર વિશ્વની નજર દેશમાં બનાવવામાં આવેલી સૌથી સલામત અને સસ્તી રસી પર છે.

**જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને વેક્સિનની કિંમતનો નિર્ણય લેવા સહિતની વિગતવાર માહિતી વડાપ્રધાન મોદીએ સર્વપક્ષીય બેઠકમાં નેતાઓને આપી : ભારત વેક્સીન બનાવવાની નજીક, આવનારા થોડાક સપ્તાહમાં રસી મળી જવાના સંકેત, ૮ વેક્સીન પર ટ્રાયલ ચાલુ : કેન્દ્ર-રાજ્યો મળીને વેક્સીનની કિંમત અંગે ચર્ચા કરી રહ્યા છે**

પીએમે કહ્યું કે, નિષ્ણાતોએ આગાહી કરી છે કે, આગામી કેટલાક અઠવાડિયામાં કોરોના રસી તૈયાર થઈ જશે. વૈજ્ઞાનિકો દ્વારા રસીને લીલી ઝંડી મળતાની સાથે જ ભારતમાં લોકોને રસી આપવાની શરૂઆત કરાશે.

સર્વપક્ષીય બેઠકમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, કોરોના રસી પહેલા હેલ્થકેયર વર્કર્સ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને વૃદ્ધોને આપવામાં આવશે. પીએમએ કહ્યું કે, કેન્દ્ર સરકાર રાજ્ય સરકારો સાથે પણ રસીના કિંમત અંગે ચર્ચા કરી રહી છે અને પબ્લિક હેલ્થ

● અનુસંધાન પાન-૭ પર

# મૂળ ભારતીય ગીતાંજલિ રાવ પ્રથમ ટાઈમ કિડ ઓફ ધ યર

## નશાની આદત, સાઈબર ક્રાઈમ જેવા મુદ્દા પર કામ કર્યું : યુએસના ટાઈમ મેગેઝિન દ્વારા ૮થી ૧૬ વર્ષના ૫૦૦૦ બાળકોમાંથી ગીતાંજલિની પસંદગી કરવામાં આવી




વોશિંગ્ટન, તા.૪

અમેરિકાના પ્રતિષ્ઠિત મેગેઝિન ટાઈમએ ભારતીય મૂળની ૧૫ વર્ષની અમેરિકામાં રહેતી કિશોરી ગીતાંજલિ રાવને તેના ઉમદા કામ માટે કિડ ઓફ ધ યર તરીકે સન્માનિત કરવામાં આવી છે. ટાઈમ દ્વારા દર વર્ષે પર્સન ઓફ ધ યરની જાહેરાત કરવામાં આવે છે. આ વખતે તેણે તેમાં પહેલી વખત કિડ ઓફ ધ યરના સન્માનને પણ સામેલ કર્યું છે અને પહેલું જ સન્માન ગીતાંજલિને મળ્યું છે. ગીતાંજલિ ટેકનોલોજીનો ઉપયોગ કરી દૂષિત પાણીથી લઈને નશાની આદત અને સાઈબર ક્રાઈમ જેવા મુદ્દાઓ પર ઉત્તમ કામ કર્યું છે. ૮થી ૧૬ વર્ષના ૫ હજાર બાળકોમાંથી ગીતાંજલિની પસંદગી કરવામાં આવી છે. ટાઈમ પત્રિકાએ કહ્યું કે, આ દુનિયા એ લોકોની

● અનુસંધાન પાન-૭ પર

# ભારતે સૌથી વધુ ૧૬૦ કરોડ વેક્સિનના ડોઝ બૂક કર્યા

## વેક્સિનના ડોઝ બૂકિંગમાં ભારત ટોપ પર : ડ્યુક યુનિ.ની વિશ્વભરના વેક્સિન ડોઝ બુકિંગ પર નજર ભારત દ્વારા ૮૦ કરોડ લોકોને ચાલે એટલો ડોઝ બુક

નવી દિલ્હી,તા.૪

કોરોનાની રસીના કન્ફર્મ ડોઝ બૂકિંગના મામલે ભારત દુનિયામાં પહેલા નંબર પર છે. અત્યાર સુધીમાં તે ૧.૬ બિલિયન એટલે કે ૧૬૦ કરોડ વેક્સીનના ડોઝના ઓર્ડર આપી દીધા છે. એટલે કે ૮૦ કરોડ લોકો માટે પૂરતા ડોઝનુ બૂકિંગ થઈ ગયું છે. ડ્યુક યુનિવર્સિટી દુનિયાભરના વેક્સીન માટેના ઓર્ડર પર નજર રાખી રહી છે. ૩૦ નવેમ્બર સુધીનો યુનિવર્સિટી પાસે ડેટા છે જેમાં ભારતે સૌથી વધારે ડોઝ યુરોપિયન યુનિયનએ બૂક કરી રાખ્યા છે, જ્યારે અમેરિકા ત્રીજા નંબર પર છે. ઈયુને ૧.૫૮ બિલિયન ડોઝ મળશે અને અમેરિકાને ૧૦૦ કરોડથી વધારે. શરત એટલી છે કે વેક્સીન ટ્રાયલમાં સફલ સાબિત થાય અને તેના ઉપયોગની મંજૂરી મળે. ઓક્સફોર્ડ એસ્ટ્રોજેનની વેક્સીન લગભગ તમામે બૂક કરી રાખી છે. સૌથી વધારે ૧.૫ બિલિયન ડોઝ આ જ વેક્સીનના બૂક થયા છે. ભારત સિવાય અમેરિકાએ પણ તેના ૫૦૦ મિલિયન ડોઝનો ઓર્ડર આપ્યો છે. આ સિવાય નોવાવેક્સની વેક્સીનની ૧.૨ બિલિયન ડોઝ પણ બૂક થઈ ગયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને નવેમ્બરમાં કહ્યું હતું કે ભારતે જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૧ સુધી ૫૦ કરોડ ડોઝ મેળવવા માટે વેક્સીન નિર્માતાઓના સંપર્કમાં છે. ડ્યુક યુનિવર્સિટીના ડેટા દર્શાવે છે કે ભારતે અત્યાર સુધીમાં ત્રણ ગ્લોબલ વેક્સીન કેન્ડિડેટ્સની ડીલ કરી છે. અમેરિકા અને ઈયુએ ૬-૬ વેક્સીન નિર્માતાઓ સાથે સોદો કર્યો છે. સૌથી વધારે કંપનીઓ સાથે ડીલ કેનેડા અને યુનાઈટેડ કિંગડમ છે જેમણે ૭ ડેવલપર્સ પાસે ૩૫૦ મિલિયનથી વધારે ડોઝ બૂક કરી રાખ્યા છે. યુનિવર્સિટીના એનાલિસિસમાં ચીન અને રશિયાનો સમાવેશ નથી થતો. આ બન્ને દેશોમાં પોતાના નાગરિકો માટે અલગ-અલગ વેક્સીન કેમ્પેન ચાલી રહ્યા છે.

# આરબીઆઈએ રેપો રેટ યથાવત્ રાખ્યો

નવી દિલ્હી,તા.૪

ભારતીય રિઝર્વ બેંકની મોનેટરી પોલિસીની મંગળવારથી ચાલી રહેલી બેઠક બાદ આજે અગત્યની ઘોષણા કરવામાં આવી છે. રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસએ બેઠકના નિર્ણયોની જાહેરાત કરી છે. રિઝર્વ બેંકે વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નથી કર્યા. સૌની નજર એ વાત પર હતી કે શું ઈએમઆઈ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કરે છે અને લોકોની ઈએમઆઈ ઘટે છે કે નહીં. હાલમાં રેપો રેટ ૪% અને રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા છે, કેશ રિઝર્વ રેશિયો ૩% અને બેંક રેટ ૪.૨૫% છે. આરબીઆઈએ ડીસેમ્બરની મોનેટરી પોલિસીની સમીક્ષા બેઠકમાં ફરી એકવાર મુખ્ય વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નથી કર્યા. આ નિર્ણય મોંઘવારીના ઉચ્ચ સ્તરને જોતાં લેવામાં આવ્યો છે.

